PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જુલાઇ - ૨૦૧૯, અંક નં. ૭૯/૭૫



ડૉ. આઈ. બી. સરધારવાલાનું દુઃખદ નિધન



## પ્રવેશોત્સવ ૨૦૧૯



બહેરાં મૂંગા શાળા



સી.પી. શાળા




હાઈટેક શાળા




અંકુર શાળા

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 July - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06

# 'અંકુર' શાળા પ્રવેશોત્સવ-૨૦૧૯

તા. ૫-૭-'૧૯ ના રોજ શાળા ખાતે **પ્રવેશોત્સવ**ની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની કુ. જાનકી મહેતાની પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરાવવામાં આવેલ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-'૨૦ માં નવા પ્રવેશ પામેલા બાળકોને, તિલક કરી, મોં મીઠું કરી, શાળા પ્રવેશ કરાવેલ. શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ પ્રવેશોત્સવ અંગેની માહિતી આપતાં જણાવેલ કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-'૨૦ દરમ્યાન અલગ-અલગ જિલ્લાઓમાંથી કુલ ૧૫ બાળકોએ પ્રવેશ મેળવેલ છે.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે જિલ્લા સમાજ સુરક્ષા ખાતાના પ્રોબેશન ઓફિસર શ્રી પ્રદિપસિંહ ગોહિલ, તેમજ શ્રી તેજપાલસિંહ ગોહિલ ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં પી.એન.આર. સોસાયટીના એક્ઝિક્યુટીવ શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, 'અંકુર' શાળાના પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ), સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા, ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ વગેરેએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ શ્રી પારુલબેન પાઠકે કરેલ.



બાળકોને આવકાર

















# Heart-felt Homage to Dr. Sardharwala

The Board of Trustees and Executives of the PNR Society are terribly shocked to learn the unfortunate demise of Dr. Imdadali Sardharwala, a pillar and live-link between Impact Foundation(U.K.) and the PNR Society. An unparalleled leader in class of his own in padiatric discipline, after working with common wealth countries in the area of 'Prevention of Mentally Handicapped' he happened to join the Impact Foundation which has been working for prevention of disability in undeveloped countries. Dr. Sardharwala will go in history to have introduced simple methods of prevention of disability designed and practiced in developing countries by the Impact Foundation (U.K.). Dr. Sardharwala was the first Indian to be the director of Genetic Unit of Manchester Children Hospital and his this insight helped PNR's forum institute **"Ankur Special School for Mentally Retarded Children"** in its inception and roadmap. It was his stature and dignity that attracted all. Working with him was an unforgettable experience for the PNR Society. His contribution in shaping PNR's future specially in prevention programme has been commendable. His deep routed sympathy for the disable and spiritual appreciation coupled with subject expertise made him center figure for the cause of the disabled in the world he travelled.

The Board of Trustees Executives and staff members of the PNR Society and forum institutions deeply mourn the exit of Dr. Sardharwala and in his memory humbly how down. May God allow his pious soul to rest in peace.

**- PNR Society & Forum Institutions**



ભૂકંપ પિડિતોની મદદે ડૉ. સરધારવાલા



બાળકોને આવકાર





સંચાલન


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2019-21, Monthly
- અંક નં. ૭૯/૪૪૫ : ૧૫ જુલાઈ - ૨૦૧૯
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  અશ્વિન પંડ્યા
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  રાજેશ પટેલ
- સંપાદક મંડળ
  વૈશાલી યોગી
  નેહલ ત્રિવેદી
  પ્રજ્ઞા પંડ્યા
  આરિફ જેઠવા
  પારસ શાહ
  ભરત કનાડા
  મનસુખ સોરઠિયા



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલ પ્રવેશોત્સવ-૨૦૧૯ 'પમરાટ' કાર્યક્રમ

પી.એન.આર. સોસાયટી સંચાલિત હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલના પ્રાથમિક વિભાગ દ્વારા નવા બાળકોને આવકારવા માટે 'પમરાટ' કાર્યક્રમ તા. ૩-૭-૧૯ ના રોજ યોજવામાં આવેલ. આ શુભ પ્રસંગે મુખ્ય અતિથિવિશેષ પદે માનનીય જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એન. જી. વ્યાસ સાહેબ રહેલ. ડૉ. કે. આર. ઝાંઝરુકિયા (પૂર્વ સચિવ, માધ્યમિક શિક્ષણ બોર્ડ), મહિલા કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી ડી. જે. ધંધુકિયા, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, પ્રો. નવનીતભાઈ રાઠોડ, તેમજ શાળાના પ્રિન્સિપાલશ્રી હિતેનભાઈ પંડયાએ દીપપ્રાગટય કરી કાર્યક્રમને ખૂલ્લો મુકેલ.

આ 'પમરાટ' કાર્યક્રમનું સમગ્ર સંચાલન હાઈટેક સ્કૂલના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ. મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી, મેમેન્ટો આપવામાં આવેલ. તેમજ બાળકોએ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરેલ. ડૉ. કે. આર. ઝાંઝરુકિયાએ 'નાનાં-નાનાં ભૂલકાંઓ શાળામાં હસતાં-હસતાં આવે અને હસતાં-હસતાં જાય, તેમજ ભાર વગરના ભણતર વિષે', રસપ્રદ પ્રવચન આપેલ. શ્રી ડી. જે. ધંધુકિયાએ, 'હાઈટેક શાળા' વિષે ટૂંકમાં માહિતી આપેલ. DEO શ્રી એન. જી. વ્યાસ સાહેબે, 'બાળકો સારું અને ઉચ્ચ શિક્ષણ મેળવે', તેવા આશીર્વાદ આપેલ. આ કાર્યક્રમના અંતે અલ્પાહારના દાતાઓનું સન્માન કરવામાં આવેલ.


દીપ પ્રાકટ્ય


પુષ્પગુચ્છથી સ્વાગત








સાંસ્કૃતિક કાર્યક્રમ



# મગજના લકવાવાળા બાળકોની શાળામાં પ્રવેશોત્સવ-૨૦૧૯ 'ઉમંગ ઉલ્લાસ' ઉજવાયો

પી.એન.આર. સોસાયટી સંચાલિત મગજનો લકવો ધરાવતાં બાળકોની વિશિષ્ટ તાલીમ તથા સાર-સંભાળ માટેની સંસ્થામાં, નટરાજ કોલેજ ખાતે, શાળાનો ૯મો પ્રવેશોત્સવ, 'ઉમંગ ઉલ્લાસ' ૨૦૧૯ અંતર્ગત, નવા આગંતુક બાળકોને શૈક્ષણિક કીટ અને સાધન સહાય અર્પણવિધિનો કાર્યક્રમ, તા. ૨૯ જૂન ના રોજ સર ટી. હોસ્પિટલના પેડિયાટ્રીક સર્જન ડૉ. મેહુલ ગોસાઈના મુખ્ય અતિથિવિશેષ પદે તથા દાતા શ્રી અંબિકાબેન ટેકરીવાલ, શ્રી ચિત્રાબેન ભંડારી, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એચ.પી. રાખશિયા, અને વિશિષ્ટ શિક્ષકગણ, દિવ્યાંગ બાળકો, વાલીઓની ઉપસ્થિતમાં કરાયેલ. દિવ્યાંગ બાળકો દ્વારા રજૂ કરાયેલ પ્રાર્થના બાદ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા પધારેલ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.'આશા કિરણ' સીડી દ્વારા, સંસ્થા પરિચય આપવામાં આવેલ. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાકટય કરાવેલ. સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા વિશિષ્ટ શાળાના પરિચય પછી, નવા પ્રવેશ પામેલ ૨૬ બાળકોનું ઉમંગભેર સ્વાગત કરેલ અને દાતાશ્રી અંબિકાબેન ટેકરીવાલ તથા શ્રી ચિત્રાબેન ભંડારી દ્વારા પ્રાપ્ત થયેલ એજયુકેશન કીટ, સી.પી. બાળક માટે મોડિફાઈડ ચેર અને વ્હિલચેર તથા બે એર કૂલર, શાળાને અર્પણ કરવામાં આવેલ. દિવ્યાંગ બાળકોએ 'સ્વચ્છતા'નું ગીત રજૂ કરેલ. સમારંભના મુખ્ય અતિથિ ડૉ. મેહુલ ગોસાઈએ, 'વિધાયક ઉર્જાથી ધબકતા, ઉષ્મા અને સંવેદનાપૂર્ણ કાર્યકરો દ્વારા અદ્‌ભૂત રીતે આયોજીત પ્રવેશોત્સવની પ્રશંસા કરી, વાલીઓ અને વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગોને વધુ પ્રેમ આપે', એવી અપીલ કરી, તથા સર ટી. હોસ્પિટલનું પેડિયાટ્રીક ડિપાર્ટમેન્ટ મદદગાર રહેશે તેવી ખાત્રી આપી. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા તથા આભારવિધિ શ્રી જયોતિબેન પરમાર દ્વારા કરવામાં આવેલ.



સાધન સહાય









સાધન સહાય



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 July - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06



સાંસ્કૃતિક કાર્યક્રમ


સાધન સહાય


ઓડિયન્સ

# શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા પ્રવેશોત્સવ-૨૦૧૯
## 'જ્ઞાનની દુનિયામાં આવકાર'



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગાઓની સંસ્થામાં તા. ૨૬-૬-ના રોજ, નવા ૧૩ ભૂલકાંઓનો પ્રવેશોત્સવ યોજાયેલ. બાળક જન્મથી માતા-પિતા અને કુટુંબ પાસેથી અવૈધિક શિક્ષણ પ્રાપ્ત કરતું હોય છે. તેના વૈધિક શિક્ષણની શરૂઆત શાળાથી થાય છે. શાળામાં પ્રવેશ, તેને જ્ઞાનના ક્ષિતીજમાં ચમકવાનું પ્રથમ પગલું બને છે. નવા પ્રવેશ પામતા બાળકોને જ્ઞાનની દુનિયામાં આવકારવા સંસ્થાના વડીલશ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ મહેતા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી વગેરે ઉપસ્થિત રહેલ. આચાર્યશ્રી ઈલાબહેને સૌનું સ્વાગત કરેલ. શ્રી બાબાભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. સંસ્થા તરફથી નવા બાળકોને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રાસંગિક વકતવ્ય સાથે આભારવિધિ કરેલ.

............ વધુ માહિતી માટે સંપર્ક ............
**શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા-ટ્રસ્ટ**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨.
(ગુજરાત-ભારત.)
ફોન : (૦૨૭૮) ૨૪૨૯૩૨૬ / ૨૪૨૦૮૩૬
E-mail : klinstitute.deaf@gmail.com
Web site : www.klinstitutedeaf.org

**PRINTED MATTER**

If undelivered, Please return to
Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

...... CONTACT US ......
**PNR Society for Relief & Rehabilitation of the Disabled**
Nataraj College Campus,
Near Sardar Patel School,
Kaliyabid, BHAVNAGAR.
(Guj.-India)
Tel. (0278) 2570126 / 2470232
E-mail : info@pnrsoceity.org
Website : www.pnrsociety.org

PNR HOPE 4 HANDICAPPED